

રમેશ ઠક્કર

## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

હું કવિતા લખું છું
ત્યારે તને લખતી નથી
તું કવિતા નથી જ....
કવિતાને તો બધાં દાદ આપે
એ બધાંને જ ગમી જાય
પણ તું બધાંને ગમે એ મને ના ગમે
અને એટલે
હું ઈર્ષ્યાળુ સ્ત્રી
કવિતા લખું છું
પણ કવિતામાં તને લખતી નથી...!!

- એષા દાદાવાળા

### પાથેય

## કવિતાનો કસબ

કવિ માટે એવું કહેવાયું છે કે, કવિ એટલે ઈશ્વરનું એન્ટેના...અને 'કવિતા એટલે દાદાજીની લીસી લીસી ટાલ પર એક રૂપેરી રેશમી વાળ..' અંગ્રેજીમાં કહેવાયું છે કે **poetry is a spontaneous overflow of powerful feelings..**"તમે કવિતા લખો છો,પણ તમારા ઘાવ કયાં છે ?" આવું હમણાં એક લબ્ધ પ્રતિષ્ઠિત કવિ નવલોહિયાને કહી રહયા હતા..નવોદિત પણ જબરો હતો,એ કહે કે "એમ તો ટાગોર પણ જમીનદારના દિકરા હતા..!દોમ દોમ સાહ્યબીમાં ઉછર્યા હતા... "

એ ખરું કે જે સહન કરે એ જ શબ્દ પાડી શકે..અભાવો માત્ર ગરીબીમાં જ હોય છે એવું નથી..દોમદોમ સંપતિ વચ્ચે હિજરાતી સંતતિની વેદના પણ એ જ રંગની હોય છે..બક્ષી એવુ કહેતા કે "જીવનમાં જો રડવાનું જ લખેલું હોય તો ફૂટપાથ ઉપર બેસીને રડવા કરતાં વૈભવી કારમાં બેસીને રડવાનો વિકલ્પ પસંદ કરૂં.."આને અસ્તિત્વવાદ કહેવાય..પણ ઘાવ તો દરેક જગ્યાએ હોય જ છે..

કવિ દીર્ઘ દ્રષ્ટા હોય..કોમળ હોય..ગોડ ગીફટેડ હોય... કવિ એટલે આત્માનો ચિત્રકાર, વગેરે વગેરે.માણસ કવિતા કેમ લખે છે? સંવેદી શકે છે માટે? શબ્દનું માધ્યમ મળ્યું છે માટે? વૈફલ્ય કે અતૃપ્તિ ને ચગળવા માટે? આત્મરતી કે અમર થવાની ઝંખના માટે?કોઇ ચચરાટ હોય છે..?વિસ્મય અડાબીડ છે. એની આસપાસ અનેક અચંબા છે.

શબ્દનું અવતરણ હંમેશાં વિસ્મયકારક રહયું છે..નવોન્મેષ એ તેનો પ્રાણ છે તો તાજગી એની ઓળખ.નમુનારૂપ પંકિત જુઓ..

'એક છોકરી સાવ અચાનક આંખો ઢાળે..
એક છોકરો નવી નોટનાં પાનાં ફાડે..'

અલબત કવિઓને ઘર નથી હોતું એવું પણ નથી..'નર્મદ'નું સરસ્વતિ મંદિર મહાલય જેવું ગણાતું. 'કલાપી' તો યુવાન રાજા હતા..ત્રણ ત્રણ રાણીઓ હતી..મહાલય હતો..તોય કવિ હતા..દલપતરામ શેરબજારમાં સટ્ટો રમતા..અંગ્રેજ હાકેમો સાથે ઉઠકબેઠક રાખતા..નર્મદ મુંબઈના પોશ એરિયામાં ટેસથી રહેતો. પોતાની બગી રાખતો..સરસ પાઘડી અને આકર્ષક કેડીયું પહેરતો..ર.વ.દેસાઈ આલા અફસર હતા,સુબા સાહેબ.. માથે હેટ પહેરતા, ઘોડેસવારી કરતા..ગો.મા.ત્રિપાઠી મોટા ગજાના એડવોકેટ હતા..મુંબઈમાં ઉચ્ચ જીવન જીવતા.. ઘણાં ઉદાહરણો છે..તોય આ બધા સર્જકો હતા.. જબરજસ્ત..

કવિ હંમેશાં દુ:ખી જ હોય ? સુખની કવિતા ના હોઇ શકે? એક જમાનામાં કોઈક કાલ્પનિક પ્રેરણામુર્તિનું નામ લઇ કાવ્યો લખાતાં...જેમાં રમેશ પારેખની 'સોનલ' પ્રખ્યાત છે..અભાવો વાસ્તવિક હોય કે કાલ્પનિક, કવિ માટે જરૂરી છે..! કવિને બેંક એકાઉન્ટ હોય કે એ પાણીપુરી ખાતો હોય એ બાબતો આજે પણ અચરજભરી લાગે..ઘાવ છે તો જ કવિતાનો સ્ત્રાવ છે એવું માનવું એકાંગી છે.દરેકની પોતપોતાની એક સંવેદના હોય છે.સુખની કે પછી દુ:ખની.કવિ માટે કલ્પનાઓ અનંત છે તો કવિ પણ અનંત છે.એ ખરૂં કે કવિથી વધીને મોટું કોઇ કુતુહલ જગતમાં નથી....

# જાપાની શબ્દ 'વાબીસાબી' એટલે પોતાની ખામીઓમાં સુંદરતા અને આનંદના અવસરો શોધવાની કલા



જેપનીઝ જબરા કર્મયોગી હોય છે. અને સાથે સાથે ઈનોવેટિવ થીંકર પણ ખરા. જાપાનમાં સરેરાશ વય ૭૦ વર્ષથી ઉપરની હોય છે. એમાં પણ ત્યાંના એક ગામની વાત અનોખી છે. અહીં આ ગામમાં લોકોનું આયખુ સો વર્ષથી વધુનું હોય છે. આ ગામના લોકો સો વર્ષે પણ અત્યંત સજાગ અને જાતે પોતાનું કામ કરતા જોવા મળે છે. જેપનીઝ જીવનને વધુ અર્થસભર બનાવવા અવનવા કોન્સેપ્ટ અપનાવીને મોજમાં રહેતા હોય છે. જાપાનથી આવેલો ઈકીગાઈનો વિચાર વિશ્વભરમાં જાણીતો બન્યો છે. હવે એક નવી વિચારધારા વાબીસાબી સ્વરૂપે જોરદાર પ્રચલિત થતી જાય છે.




વાબીસાબીનો અર્થ જાપાનની ઓફિશિયલ ડીક્ષનરીમાં ક્યાંય જોવા મળતો નથી. જોકે વાબી અને સાબી બે અલગ અલગ શબ્દોનો અર્થ જાપાનની ઓફિશિયલ ડીક્ષનરીમાં ચોક્કસ જોવા મળે છે. વાબીસાબી શબ્દ જાપાનની બોલચાલની ભાષામાં જોવા મળે છે. આજના યુગમાં પ્રત્યેક જાપાનીના દિલમાં વસતો આ શબ્દ છે. વાબી એટલે સાદગીમાં સુંદરતા અને સાબી એટલે સમયનું નિરંતર પસાર થવું. વાબીસાબીનો સીધો અર્થ માત્ર એટલો છે કે, જીવન ક્યારેય સંપૂર્ણ અને કાયમી નથી. વાબીસાબીની થીયરી કહે છે કે, વ્યક્તિની પોતાની ખામીઓ અને મુશ્કેલીઓમાં સુંદરતા અને આનંદના અવસરો છુપાયેલા હોય છે. આ અવસરોને પકડવાની કલા એટલે વાબીસાબી. આપણે આપણી ત્રુટીઓ સાથે આપણી જાતને સ્વીકારતા શીખવાની સાચા હૃદયપૂર્વકની મથામણ કરવી પડશે.

જાપાનમાં બે દાયકા પસાર કરીને ત્યાંના લોકોની મોજમાં રહેવાની માનસિકતાનો બેથ કેમ્પટને ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે. આમ તો બેથ કેમ્પટન મૂળતઃ જાપાનની એક મોટીવેશનલ સ્પીકર છે અને સાથે સાથે એક સફળ બિઝનેસ વુમેન પણ છે. એણે પાંચ મઝાના પુસ્તકો લખ્યા છે. એમાં 'ડુ વોટ યુ લવ' ખાસ્સુ લોકપ્રિય થયું છે. બેથ કેમ્પટનનું 'વાબીસાબી : જેપનીઝ વિઝડમ ફોર પરફેક્ટલી ઈમ્પરફેક્ટ' પુસ્તક આજકાલ ધૂમ વંચાય છે.

વાબીસાબી શબ્દ કાને અથડાય એટલે આશ્ચર્ય જરૂર થાય. આવો શબ્દ સામાન્ય રીતે અને ખાસ કરીને ભારતમાં સાંભળવા મળ્યો ન હોય. આ કોઈ પુરાણી ચીજ વસ્તુ માટે પ્રયોજાતો શબ્દ હરગીઝ નથી. આ શબ્દ નહીં, જીવનતત્વ છે. જીવનને વધુ બહેતર બનાવવા માટેની જરૂરી એવી એક સાત્વિક થીયરી છે. જાપાનીઝ થિયરી વાબીસાબીને દુનિયાના પટલ પર પેશ કરનારી લેખિકા બેથ કેમ્પટને આ પુસ્તક લખતા પહેલા સ્વયં કરેલો એક અનુભવ જાણવા જેવો છે. એક દિવસ બેથ જાપાનના હાઈડ તાકાયામા શહેરના એક બાથ હાઉસમાં ગઈ. આ બાથ હાઉસની વિશાળ જગામાં એક મોટો બાથ ટબ હોય છે. આસપાસ સરસ લેન્ડસ્કેપિંગ, બેસવાની તથા આડા પડવાની સુંદર વ્યવસ્થાથી બાથ હાઉસ સજાવાયુ હોય છે. બધું જ સરસ મજાનું કુદરતી લાગે. અહીંની પ્રવેશ ફી માત્ર ત્રણ યુરો. પ્રવેશી ફી આપી એણે બાથ હાઉસમાં પ્રવેશ મેળવ્યો.

બાથહાઉસના નિયમો મુજબ બેથે તેના શરીર ઉપરના તમામ વસ્ત્રો ઉતારીને લોકરમાં મૂક્યા. પ્લાસ્ટિકની એક ચપ્પલ પહેરીને બેથ કેમ્પટન બાથ હાઉસના સ્ટીમ એરીયામાં ગઈ. અહીં સ્નાન માટે મહિલાઓ ડોલ અને ટમ્બલરનો પણ ઉપયોગ કરી શકતી હતી. બાથ હાઉસમાં મૂકવામાં આવેલા આદમ કદના મોટા અરીસાઓમાં પોતાનું પ્રતિબિંબ જોઈને બેથ ઝંખવાઈ ગઈ. એનું કારણ એ હતું કે, બે વર્ષ પૂર્વે ડિલિવરી બાદ એના શરીર ઉપર ચરબીના થર જામી ગયા હતા. બેથ પોતાના બેડોળ શરીરને કારણે ગ્લાનિ અને હતાશા અનુભવવા લાગી હતી. બેથ પાણીમાં પગ પલાળીને આમ તેમ જોતી હતી ત્યારે એના ધ્યાનમાં આવ્યું કે, બાથ ટબમાં બીજી મહિલાઓ એકબીજા સાથે વાતોમાં અને સ્નાનમાં એટલી ગુલતાન હતી કે, કોઈએ બેથની સામે કે એના બેડોળ શરીરને મુલવવાની દરકાર સુદ્ધા પણ ન કરી. એમની ઉંમર કે શરીરના આકારની કોઈપણ પરવા કર્યા વગર આ મહિલાઓ વર્તમાન ક્ષણને ભરપૂર આત્મવિશ્વાસથી માણતી હતી.

એવામાં બીજી તરફ બેથે જોયું કે, એક યુવાન દીકરી અને એની માતા બંને સાથે બાથ ટબમાં મોજથી સ્નાન કરતા હતા. બેથે આ દ્રશ્ય જોયું ત્યારે એનો લેખક જીવડો મનોમન વિચારવા લાગ્યો કે, માતા સાથે સ્નાન કરવાથી આ દીકરીનો આત્મવિશ્વાસ કેટલો વધી જતો હશે. સામાન્ય રીતે પશ્ચિમના દેશોમાં સ્માર્ટ, ફિટ, સ્લિમ અને ટ્રીમ દેખાવા માટે યુવતીઓ ઉપર જબરું પ્રેશર રહેતું હોય છે. એનાથી બિલકુલ વિપરીત અહીં ગમે તેવા અનફિટ શરીર સાથે પણ વર્તમાનમાં રહીને મોજ કરતી યુવતીઓએ બેથને વિચાર કરવા મજબૂર કરી મૂકી. બેથની આ કહાનીમાં વાબીસાબીનો અર્થ સમાયેલો છે. જીવનની સુંદરતા શરીરના આકર્ષકપણા ઉપર નહીં, મનમાં તમામ પરિસ્થિતિમાં સુંદરતા જોવાની દ્રષ્ટી ખીલવવાનો બોધ વાબીસાબી આપે છે. સમય જતા શરીર તો એના રૂપ રંગ નિ:સંદેહ રીતે બદલવાનું જ છે. એમાં મનને રોકી રાખીને વર્તમાનનો આનંદ શા માટે અટકાવવો જોઈએ ?

૧૬ મી સદીની આસપાસ જાપાને અનેક યુધ્ધો અને કુદરતી આપત્તિઓનો સામનો કર્યો. જીવનની ઉથલપાથલથી ત્રસ્ત જાપાની લોકોને એ સમયે બૌદ્ધ ધર્મમાં સુકુન અને શાતા દેખાવા લાગી. એ સમયે અમીરો અને જાગીરદારો કીમતી ક્રોકરીથી સજાવેલા ટી રૂમમાં મહેફિલો યોજવામાં અને પોતાની અમીરીની શાનોસોકત બતાવવામાં લોકો ગૌરવ અનુભવતા. બરાબર એ જ સમયમાં સેવેનોવિકયુ નામનો એક ઉદ્યોગપતિ કે જે ચા બનાવવાની દુનિયામાં કુશળ કારીગર તરીકે પણ જાણીતો હતો એણે આ ટી સેરેમનીમાં ક્રાંતિકારી બદલાવ લાવવાનું કામ કર્યું. એણે મોંઘીદાટ ક્રોકરીના સ્થાને સસ્તી અને સાદી ક્રોકરીમાં બિલકુલ સાદા રૂમમાં ટી સેરેમની યોજવાનું શરૂ કર્યું.

સેવેનોવિકયુ માટે ટી સેરેમનીનો અર્થ હતો, સાથે મળીને પ્રકૃતિને માણવી. મિત્રો સાથે અલક મલકની વાતો કરવી. કુદરતે ભેટમાં આપેલા આ રંગીન નઝારા માટે કુદરતનો આભાર માનવો. વર્તમાનમાં રહીને આનંદ કરવા માટે ટી સેરેમની એક સાધન બનવું જોઈએ એમ એ દ્રઢપણે માનતો હતો. એનો મકસદ જ એ હતો કે, ચાની ચૂસકી સાથે જીવનની મોજ વિશે વિચાર કરવાનો સમય મળે. વર્ષો બાદ સેવેનોવિકયુની ચાને વાબીસાબી ચા તરીકે જાપાની લોકો ઓળખવા લાગ્યા.

ભારતીય દર્શનશાસ્ત્રમાં પણ સંતોષ, સુખ અને સામંજસ્યની ભાવનાને સુપેરે અભિવ્યક્ત કરવામાં આવી છે. વેદ, ઉપનિષદ, ગીતા, રામાયણ જેવા મહાગ્રંથોમાં દર્શાવાયેલા જીવનના ગુઢાર્થો વાબીસાબી થિયરીમાં જોવા મળે છે. હું જે ઈચ્છું એ બધું મને મળે એવી લાલસાથી દૂર રહેવાની જરૂર છે. આવી માનસિકતામાં સાર નથી. પરફેક્શનની ચાહત અને એની પાછળ દોડવા કરતા પોતાના ઈમ્પરફેક્શનને સમજીને એને એપ્રિશીયેટ કરવાની આવશ્યકતા છે. આ એક એવો માર્ગ છે કે, જેમાં જીવનની પ્રત્યેક ક્ષણને માણી શકાય છે. વાબીસાબી કહે છે કે, વ્યક્તિ પાસે ભૌતિક સામાન ઓછો અને ભાવના તથા સમજ વધુ હોવી જોઈએ. ઈમ્પરફેક્શનના સ્વીકારનો અર્થ એ નથી કે, તમારું સ્તર નીચે ઉતારી દેવું. એનો અર્થ માત્ર એ રીતે સમજવાની જરૂર છે કે, તમે જેવા છો એ રીતે જ તમારી જાતનો સ્વીકાર કરો.

ઘરમાં બિનજરૂરી સામાનના ઠઠારાની બિલકુલ આવશ્યકતા નથી. જરૂરથી વધારે કપડાં કે સૌંદર્ય સામગ્રી કે પછી ફર્નિચર રાખવા કરતા ઘરને સાફ સુથરૂ અને આયોજનબદ્ધ રાખવાથી વધુ આનંદ મળે છે. ઘર હોટલ નથી. ઘર તો રહેવાની જગા છે, કોઈ મેગેઝીનનું કવરપેજ નથી. ઘર પરફેક્ટ ન હોય તો ચાલે પણ એમાં પ્રેમ, એકમેકની દરકાર અને મિત્રોનો કિલ્લોલ હોવો જોઈએ.

**ધબકાર :**

**જીવવાના આનંદ વિના જીવવાનો કોઈ અર્થ નથી.**

# એલેક્સા અને રેડિયો-ટ્રાન્ઝિસ્ટર વચ્ચે સેતુ રચાઈ જાય તો તો વાત બની જાય...

હમ દેખેંગે કી કલ તુમ બુઢે હો જાઓગે
ઔર પૂછોગે કી મૈંને અપની લાઠી કહા રખ દી,
કહા રખ દી હૈ મૈંને અપની ઐનક, દોસ્તો કી કવિતા કિતાબે
હમ દેખેંગે કી કલ તુમ બાત બાત મેં ચીડ ચિડાઓગે
ઔર કહોગે કી બાલ ધૂપ મેં નહિ પકે હૈ
હાથ મેં છડી ઘુમાતે હુએ
હમ દેખેંગે કી કલ તુમ રામાયણ ગીતા પઢોગે
જિસે તુમ બરસો કિતાબો કે ઢેર કે નીચે
દબાતે રહે હો કોને મેં
ઔર વિશ્લેષિત કરોગે અપના ચરિત્ર
હમ દેખેંગે કી કલ તુમ્હારે દાંત નહીં હોંગે
ફિર ભી તુમ દરવાજે પર બને ચબૂતરે પર
બેઠકર નસ કરોગે, ઔર પાની કે લગાતાર છીંટે મારકર
ચહેરે કો પ્રફુલ્લિત રખને મથોગે
હમ દેખેંગે કી કલ તુમ્હારે બેટે જવાન હોંગે
ઔર પહેનેંગે તુમ્હારે હી જૂતે, નૌજવાન પાંવો મેં
તુમસે તેજ ચલેંગે, તુમ્હે ભૂલાતે હુએ

- **ભગતસિંહ સોની**

ભગતસિંહ સોનીની આ કવિતા કોણે - કોને અનુલક્ષીને લખી છે તે ઊંડાણથી વિચારીએ તો ઝટ સમજાય નહીં. એક તરવરાટ ધરાવતો યુવક બીજા ઢીલા-ઢાલા નિરસ યુવકને કહે છે. અથવા તો કોઈ વૃદ્ધ આજની નવી પેઢીને કહે છે. એક કવિની ખરી તાકાત જ એ છે કે તેની કવિતાને ભાવક ભિન્ન ભિન્ન દ્રષ્ટિકોણથી જોઈ શકે છે. અને તેમાં એકાર્થ નહીં અનેકાર્થની સંભાવનાઓ હોય છે. ખલીલ જિબ્રાન કહે છે કે "જીવન એ કોઈ તળાવ જેવું બંધિયાર જળ નથી પણ એક ઉછળતા કુદતા નાજુક નમણા ઝરણા જેવું છે. જીવનની મજા ખળખળ વહેવામાં છે.

અત્યાર સુધી તો નોકરી અને જીવનયાપનના વિવિધ ચક્કરમાં ફસાઈને, પૈસા કમાવાના ચક્કરમાંથી ઊંચા આવતા નથી. નિવૃત્તિના સમયમાં જ અચાનક તેમને સમાજકાર્ય કરવાનું ભૂત માથે ચડે છે. વળી તે પણ માત્ર પ્રસિદ્ધિની લાલસા માટે જ હો. જ્યારે અત્યારની પેઢી સતત નવા-નવા સંઘર્ષ વચ્ચે પોતાનું જીવન જીવે છે અને ઘર પરિવારની જવાબદારીની સાથે સાથે સામાજિક કાર્યો કે પરિવારમાં પણ આગળ પડતા કામ કરતા જ હોય છે.

અને માટે જ પછી સમસ્યા શરૂ થાય છે. કારણ કે સરખામણી કરવામાંથી આપણે ઊંચા આવતા નથી અમારે જમાને મેં તો વાળી ડિંગો અને વાતો શરૂ થાય છે. કારણ એકદમ સરળ છે, જીવન જીવવાના નવતર પ્રયોગો અને જે જે અભરખા તેઓ પોતે અમલમાં ન મૂકી શક્યા અથવા તો તેમાં તેઓએ કદાચ નિષ્ફળતા મેળવી હતી, તેવા પ્રયોગો કરીને આગળ ધપતી અને નવા પડકારો ઝીલીને સામા પૂરે કાર્યરત નવી પેઢીને જોઈને તેઓ અકળામણ અનુભવતા હોય છે.

વૃદ્ધાવસ્થા તો વિચારોથી જ આવતી હોય છે શરીરથી નહીં. સતત નવું નવું પરિવર્તન સ્વીકારવાનું જીગર અને તે પરિવર્તન પ્રમાણે સાથે પોતાને ઢાળતા રહેવાનું સામર્થ્ય હોય તો કોઈ દિવસ મોઢા પર આવે જ નહીં પરંતુ આપણે તો જીવન જીવવાના જીવવાના જ ભાગ પાડી દીધા છે. રામાયણ અને ગીતાના પાઠ તો માત્ર ૬૦ વર્ષ પછી જ વંચાય. અને પછી જ ધર્મધ્યાન થાય તે માનસિકતામાં જ પરિવર્તનની જરૂર છે.

બજારમાં પ્લાસ્ટીક સર્જરીની હાટડીઓ જે રીતે ચાલે છે તે જ સાચું ચિત્ર રજૂ કરી દે છે. ચહેરા ઉપર અનુભવથી આવેલી કરચલીઓ અને ચામડીના ઢીલાશને મશીનથી દૂર કરીને પરાણે યુવાન રહેવાના અભરખા કેમ જાગતા હશે ? તે જ સમજાતું નથી. અને એક જ જગ્યાએ પીન ચોંટી જતી હોય છે કે આજનો યુવાન તો આડારસ્તે ગયેલો અને અનુભવહીન છે. તેમની તર્કશુદ્ધ દલીલના ઉત્તર ન હોવાના કારણે અકળાઈ ઊઠે છે.




સામાપક્ષે એવા યુવાનો કે જેમણે પરિશ્રમ દ્વારા અને પ્રસ્વેદધારાઓની સુવાસ પામીને સફળતા મેળવવાની છે. પણ આજનો યુવ-વર્ગ જો ડિઓડ્રન્ટ અને ફેસવોશ પાછળ પડીને સંઘર્ષથી ભાગતો ફરશે તો અનુભવ ક્યાથી મેળવશે?? વળી વડિલોની વાત તો જૂનવાણી જ હોય તેમ એકધારું વિચારે રાખવું એ પણ યુવાનોની નબળાઈ છે.

તો સામા પક્ષે યુવાઓએ પણ સ્વીકારવું જ રહ્યું કે, જો કોઈ વૃદ્ધ ખરેખર પોતાનું જીવન માણતા હોય તો તેમને અકોણી દૃષ્ટિથી નહીં પરંતુ સહયોગથી નવાજવા જોઈએ. આપણો સમાજ તો ઘેટાનું કૂતરું અને કૂતરાનું ઘેટું કરતો જ આવ્યો છે. જો કોઈ વૃદ્ધ બૈજુ-બાવરા અને કબીરસિંહ બંનેની પ્રેમકહાનીને માણી શકતા હોય તો સામે પહેલાં લવરમૂછિયાં યુવાનોએ તેમના આ ઉત્સાહને વધાવી લેવો જોઈએ. વાત ખૂબ સરળ છે બંને આયામ પોત-પોતાના સ્થાને યથોચિત છે. બસ, આવશ્યકતા એ છે કે બંને છેડાના વ્યક્તિત્વએ એકબીજાની આમાન્ય રાખવી.

વડીલો પાસે અનુભવનું ભાથું છે. તેમણે ઘણી તડકી-છાયડી જોઈ છે. તેમની શિખામણથી યુવાઓ ઘણી મુસીબતથી બચી શકે. ભૂતકાળની એમની ભૂલથી કોઈ શીખ લઈને તેઓ યુવાઓને તે ભૂલનું પુનરાવર્તન કરાવતા અટકાવી શકે છે. સામા પક્ષે બધા જ યુવાઓ છેલબટાઉં કે ધ્યેયવિહોણા બેજવાબદાર જરાય નથી હોતા. અલબત્ત કદાચ આજની પેઢી ભવિષ્યને લઈને વધુ સજગ થઈ છે. ત્યારે આ પેઢી પાસે વધુ પ્રેક્ટીકલ અને તકનીકી માર્ગો પણ છે. પરંપરાગત લઢણ કરતા વધુ સારી રીતે તેઓ વ્યાપાર કરી જાણે છે. પૈસા કમાઈ શકે છે. તેમની પર વિશ્વાસ કરો. વાતે વાતે જો વડીલો પાસેથી બસ શિખામણોનો અતિરેક સાંભળવા મળશે તો વડીલો પોતાની આમાન્યા ગુમાવી દેશે.

આજના વૃદ્ધોએ ઉત્સુકતાપૂર્વક ચેતન ભગત કે જે. કે. રોલિંગ વાંચવા પડશે, અને યુવાઓએ આજે પણ એટલી જ પ્રસ્તુત ચાણક્ય નીતિ અને ભાગવત ગીતાને આત્મસાત કરવી જ રહી. યુવાનોએ એ.એલ.સાયગલને અને વૃદ્ધોએ બાબા સાયગલને સાંભળતા શીખવું જ રહ્યું. એલેક્સા અને રેડિઓ-ટ્રાંઝિસ્ટર વચ્ચે સમન્વય સધાવો જોઈએ.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# વિષમ પરિસ્થિતિ સામે ત્વરિત નિર્ણય શક્તિ જ સફળતા અપાવે છે

જાણીતી સ્પોર્ટસ મુવી 'ચક દે ઈન્ડિયા' માં શાહરૂખ ખાન એક નાનકડો ડાયલોગ બોલે છે. 'વાર કરના હૈ તો સામનેવાલે કે ગોલ પર નહિ, સામને વાલે કે દિમાગ પર કરો, ગોલ ખુદ-બ-ખુદ હો જાયેગા.'

એક ઉત્તમ મોટીવેઓશનલ એવો આ ડાયલોગ્સ સાંભળ્યો કે જોયો ના હોય, પરંતુ જીવી જનારા ખેલાડીઓ મેદાન પર હોય છે અને વિજેતા થાય છે.

હમણાં આવી જ બે ઘટના બની, જે અખબારોમાં ને અન્ય મીડિયામાં ધ્યાને ચડી. પ્રથમ ઘટનામાં કેન્દ્ર સ્થાને ભારતીય ક્રિકેટ ટીમનો ઓફ સ્પીનર આર. અશ્વીન છે. વેસ્ટના પ્રવાસે ગયેલી ભારતીય ક્રિકેટ ટીમના સભ્ય તરીકે અશ્વીને પ્રથમ મેચમાં રમતા પહેલા દાવમાં પાંચ અને બીજા દાવમાં સાત મળીને કુલ ૧૨ વિકેટ વેસ્ટ ઈન્ડિઝની લીધી અને અનેક રેકોર્ડ્ઝ પોતાને નામે કર્યા. આ રેકોર્ડ અશ્વિને બનાવ્યો એના બરાબર ૩૮ દિવસ પહેલા ભારત ડબલ્યુટીસીની ફાઈનલમાં ઈંગ્લેન્ડમાં ઓસ્ટ્રેલિયા સામે રમ્યું હતું અને આ મેચમાં તે રમવા માટે પ્રબળ દાવેદાર હોવા છતાં એને પડતો મૂકાયો હતો. ક્રિકેટની ભાષામાં કહીએ તો ડ્રોપ કરાયો હતો. ભારત એ મેચ ખરાબ રીતે હાર્યું હતું. એ જ અશ્વીને વેસ્ટ ઈન્ડિઝમાં કલાસીક બોલિંગ કરીને



પોતાની ક્ષમતા પુરવાર કરી આપી.

હવે અહીંથી આપણને એક સાથે અનેક મોટીવેશનલ સૂત્રો યાદ આવતા જશે. આપણા બધાના જીવનમાં મુશ્કેલીઓ, પડકારો- આપત્તિઓ આવે જ છે, કેટલીકવાર હળવા વરસાદ જેવી હોય છે તો કેટલીકવાર વાવાઝોડા અને તોફાન સાથે આવેલી એ મુશ્કેલી માણસના ચિત્ત પર સૌથી વધુ હુમલો કરે છે. જે તે વ્યક્તિ નિરાશ થાય, શક્તિહીન પોતે થઈ ગયો હોય છે એવું અનુભવે અને સરવાળે એના જીવનની ગતિ-પ્રગતિ ત્યાં જ અટકી જાય. એવું ન થાય એ માટે આપણા મનને સાબુત રાખવું પડે છે, મન સામેની વ્યક્તિના દિમાગ પર કામ કરે, તે પરિસ્થિતિ સામે લડવા, વધુ સારું પરફોર્મન્સ આપવા તરફ પ્રેરીત કરવું પડે છે, જો આમ કરીને મેદાન પર ટકી ગયા તો પછી સફળતા સાવ ઢુકડી હોઈ શકે છે, પરંતુ શર્ત એ કે મન ફરીથી લડવા, આગળ જવા તૈયાર હોય. બીજી ઘટના વિમ્બલ્ડન ટેનિસના મેદાનમાં બને છે.




વિમ્બલ્ડન ફાઈલનની મેચ નિહાળી રહેલા અનેક સેલિબ્રિટીઓની આંખો આશ્ચર્યથી પહોળી થાય એમ. ૩૬ વર્ષના ટેનિસના શહેનશાહ ચોકોવિચને હરાવીને સ્પેનનો અલકારાઝ નામનો ૨૦ વર્ષનો યુવાન વિમ્બલ્ડન વિજેતા બને છે. બંને ખેલાડીઓએ રમતમાં પોતાની શ્રેષ્ઠ તાકાત દાવ પર લગાડેલી હતી. પરંતુ સામે આટલો મહાન ખેલાડી રમતો હોવા છતાં મનથી ડગ્યા વિના, સામેના માણસના દિમાગ પર જ જાણે વાર કરીને અલકારાઝ જીત્યો અને એક નવા યુગનો ટેનિસના મેદાન પર આરંભ કર્યો.

આમ સમયે સમયે, પળે પળે લેવાયા યોગ્ય નિર્ણયો, ત્વરિત નિર્ણયશક્તિ, કયારેય ન હારવાની મનની વૃત્તિ હોય અને સામેનો માણસ કે પરિસ્થિતિને ગમે તેવા દુ:ખના સમયે પણ મન પર ના હાવી થવા દેવાની તૈયારી હોય તો રમતનું મેદાન હોય કે જીવનનું મેદાન, એકવાર હાર્યા પછી કે સામે દિગ્ગજ અને મોટી શક્તિ હોવા છતાં વિજય પ્રાપ્ત થઈ શકે છે. આવું થાય છે ત્યારે માણસના મનની શક્તિના અજવાળા એના જીવનમાં ફેલાય છે.